**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૪૬ ટકા

# શહેરમાં ગરમાગરમ સૂપ હોટ ફેવરીટ

## શહેરીજનો ફીટ રહેવા હેલ્ધી વે અપનાવી રહ્યા છે : સૂપનો ભાવ ૧૫ થી ૨૦ રૂપિયા

ગાંધીનગર, તા.૨૨

કડકડતી ઠંડીમાં સ્વાસ્થ્ય પ્રત્યે સમાન એવા શહેરીજનો વહેલી સવારે ચાલવા નીકળે છે. કોરોનાને કારણે શિયાળામાં ઠંડીથી બચવા મફલર સાથે માસ્કનો ઉમેરો થયો છે અને સાથે સાથે ઉકાળા ઉપરાંત ગરમ સૂપ પીવાનો ક્રેઝ પણ વધ્યો છે. સવારે ચાલીને ઘરે પાછા જતા શહેરીજનો ગરમ સૂપ પીનો ઘરે જાય છે. સાથે પરિવારજનો માટે ઘરે બંધાવીને પણ લઈ જાય છે. આ વર્ષે વેજીટેબલ, દૂધી, સરગવાના સૂપ સાથે કડિયાતુ અને સૂંઠ ગોળીનું ચલણ પણ વધ્યું છે. શહેરના દરેક સર્કલ પર શહેરના જ કોઈ સ્વાસ્થ્ય પ્રેમી દ્વારા સૂપનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. સૂપનો ભાવ ૧૫ થી ૨૦ રૂપિયા છે.

શિયાળાની સવારે જો ગરમ-ગરમ સૂપ પીવા મળી જાય તો ઠંડી જલ્દી ઉડી જાય છે તેમ શહેરીજનો સવારે જયૂસ પીતા પીતા કહી રહ્યા છે. શહેરના ચ-૦, ઘ-૦, સ્વામિનારાયણ મંદિર સે-૨ સિવાય અનેક સર્કલ પાસે શિયાળામાં આવતા શાકભાજીના સૂપનું વેચાણ થઈ રહ્યું છે જે પીવા માટે શહેરીજનો ઉત્સુક હોય છે.



શિયાળામાં ગરમાગરમ સૂપ સાથે સ્પ્રાઉટસ પણ ઓનડિમાન્ડ છે. ડાયટીંગ કરતા યુવાનો ખાસ આ સ્પ્રાઉટસ બાઉલ ખરીદતા જયુસ સેન્ટર પર જોવા મળી રહ્યા છે.

દરરોજ સવારે કડિયાતુ અને સૂપ પીવાનો જાણે કે રીવાજ બની ગયો હોય તેમ વોક કરીને દરેક તેમના ઘરની નજીક પડતા જયૂસ સેન્ટર પર જતા નજરે ચઢી રહ્યા છે.

શહેરમાં ગરમ સૂપ અનો ઠંડા જયૂસ એમ બે પ્રકારના હેલ્ધી લિકવીડનું વેચાણ થઈ રહ્યું છે. જેનો ભાવ ૧૫ રૂપિયાથી લઈ ૨૦ રૂપિયા સુધીનો છે. ગરમ સૂપમાં સરગવાનો સૂપ, દૂધી, પાલક, ટોમેટો, સ્પ્રાઉટસ મિકસ, મિકસવેજ સૂપ સાથે મિકસ કોમ્બિનેશન સૂપ જેમ કે સરગવો અને દૂધી, પાલક સરગવો, પાલક ટોમેટો સૂપનો પણ ક્રેઝ છે. સાથે ગરમ ડિટોકસ લીંબુ પાણી, તજ-મધ-લીંબુ પાણી પણ વેચાઈ રહ્યા છે. ઠંડા જયુસમાં આમળા, હળદર, ગાજર બીટ, કાળી દ્રાક્ષ અને ગુલકંદ વેચાઈ રહ્યા છે. કોરોનાને કારણે આયુર્વેદિક ઉકાળો અને સૂંઠની ગોળી ખાસ વેચાઈ રહ્યા છે. સાથે જ મિકસ વેજીટેબલ સૂપ અનો સરગવાના સૂપની ડિમાન્ડ છે. શહેરના તમામ સર્કલ પાસે સવારે ૭ થી ૯ વાગ્યા સુધીમાં સૂપ અને જયૂસ વેચાઈ રહ્યા છે જેનો શહેરીજનો ભરપૂર લાભ ઉઠાવી રહ્યા છે.

## મેયરના હસ્તે કોરોના વોરિયર્સ ડોક્ટર્સ અને નર્સિંગ સ્ટાફનું પ્રશસ્તિ પત્રો આપીને સન્માન





ગાંધીનગર, તા.૨૨

વૈશ્વિક મહામારી કોરોના સામેની લડતમાં દિવસ રાત જોયા વગર યોદ્ધાની જેમ અડગ રહીને સેંકડો નાગરિકોને નવજીવન આપવામાં નિમિત બનેલા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ડોક્ટર્સ અને નર્સિંગ સ્ટાફનું પ્રશસ્તિ પત્રો આપીને મેયરશ્રી રીટાબેન પટેલના હસ્તે સન્માન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. નિયતિ લાખાણી, આરએમઓ ડૉ. સુધા શર્મા, કોરોના સ્પેશિયલ ડ્યુટીના ડૉ. જયદિપ ગઢવી, આસી. આરએમઓ ડૉ. કલ્પેશ પરિખ, એચઓડી મેડિસીન ડૉ. શશી મુન્દ્રા અને મહાનગર પાલિકાના મેડિકલ ઓફીસર ડૉ. કલ્પેશ ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતાં. મેયરશ્રી દ્વારા આ તકે તબીબો સાથે પરામર્શ કરીને હાલની સ્થિતિનો તાગ મેળવવામાં આવ્યો હતો અને તમામ કોરોના વોરિયર્સની સેવાઓને બિરદાવવામાં આવી હતી. આ ઉપરાંત વરિષ્ઠ તબીબો સર્વ શ્રી ડૉ. શશી મુંદ્રા અને ડૉ. દિનકર ગોસ્વામીની સેવાઓ પણ બિરદાવાઈ હતી.

## શહેરમાં શાકભાજીના ભાવ ઘટયા

### શિયાળાની ઠંડીના પગલે લીલા શાકભાજીની આવક વધતાં ભાવમાં ધરખમ ઘટાડો

ગાંધીનગર, તા.૨૨

ગુલાબી ઠંડીમાં તાજા લીલા શાકભાજીની આવક શહેરમાં વધુ થતી હોય છે. વચ્ચે શહેરમાં શાકભાજીના ભાવ વધ્યા હતા પરંતુ હાલ શાકભાજીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ૮૦ થી ૧૦૦ રૂપયે કિલોએ મળતા શાકભાજી હવે ૩૦ થી ૫૦ રૂપિયે કિલોએ વેચાઈ રહ્યા છે. તેમાં પણ ફલાવર અને કોબી સૌથી સસ્તા છે. આ વર્ષે તહેવારોમાં પણ શાકભાજીના ભાવ વધુ હતા જેને કારણે શહેરીજનોને મોંઘવારીનો સામનો કરવો પડયો હતો ત્યારથી લઈ ગત અઠવાડિયા સુધી શાકભાજીના ભાવ વધુ હતા પરંતુ છેલ્લા બે દિવસથી શાકભાજીના ભાવમાં ઘટાડો



નોંધાયો છે જેને કારણે શહેરની ગૃહિણીઓ ખુશ છે.

શહેરમાં છેલ્લા બે દિવસથી શાકભાજીના ભાવમાં ઘટાડો જણાઈ રહ્યો છે. બટેકાના ભાવ ૬૦ થી ૭૦ રૂપિયે કિલો હતો જે હવે ૪૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે. ડુંગળીનો ભાવ ૭૦ થી ૮૦ રૂપિયે કિલો હતો જે આજે ૫૦ રૂપિયે કિલોએ વેચાઈ રહી છે. ટમેટા ૩૦ થી ૩૫ રૂ. કિલો, દૂધી ૩૦ રૂ. કિલો, કોબીજ ૧૦ રૂ. અને ફુલાવર ૧૦ રૂ.નું એક નંગ-૨૦ રૂ. કિલો, કેપ્સિકમ ૪૦ રૂ. કિલો, બીટ ૩૦ રૂ. કિલો, વટાણા ૩૫ રૂ. કિલો, આમળા હાલ ૨૦ થી ૩૦ રૂ. કિલો, રીંગણા અને કારેલા ૨૦ રૂ. કિલો, કાકડી ૩૦ થી ૪૦ રૂપિયે કિલો એ વેચાઈ રહી છે. આમ શહેરના માર્કેટમાં શાકભાજીના ભાવમાં ઘટાડો નોંધાયો છે જેને કારણે હવે રેસ્ટોરન્ટમાં ગાયબ થયેલ ડુંગળી અને સલાડ દેખા દઈ રહ્યા છે.

## ગાંધીનગરની દિકરી અમેરિકામાં કોરોના વોરિયર



વિશ્વભરમાં કોરોના વાયરસ સંક્રમણે અકલ્પનીય કહેરનો માહોલ ખડો કર્યો છે અને આ મહામારીની સૌથી વધુ અસર અમેરિકામાં જોવા મળી છે. જો કે કહેરના આ માહોલમાં પણ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સે જીંદાદિલીથી લડત આપી છે. આવા જ જાંબાઝ કોરોના વોરિયર્સ પૈકી એક ગાંધીનગરની દિકરી પ્રિયંકા નિર્દેશકુમાર પટેલને અમેરિકામાં ‘કોરોના વોરિયર’ તરીકે સન્માનિત કરવામાં આવી છે. પ્રિયંકા પટેલ અમેરિકાના ઓકલાહોમાના તલસા સિટીમાં સેન્ટ ફ્રાન્સિસ મેડિકલ સિસ્ટમમાં મેડિકલ ટેકનોલોજિસ્ટ તરીકે સેવા આપે છે અને તેણે કોરોના પ્રતિકારક રસી લેનાર વોલિયન્ટર્સમાં સામેલ થઈને રસી મુકાવી છે. પ્રિયંકા ગાંધીનગરના નિવૃત્ત કર્મચારી મહેશભાઈ રાવલની સુપુત્રી છે અને ગાંધીનગર સમાચારની નિયમિત વાચક છે.



ઘ-૨ સર્કલ પાસે ડિવાઈડર વચ્ચે આવેલો થાંભલો ખૂબ જ જોખમી રીતે નમી ગયો છે. આ થાંભલાની મરામત કરવામાં નહીં આવે તો અકસ્માત સર્જાવવાનો ભય છે.

## ગાંધીનગર મહિલા આઈ.ટી.આઈ. દ્વારા ડીઝાઈનર માસ્ક મેકીંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

કોરોના મહામારીના આ કપરાં કાળમાં પોતાની તેમજ અન્યની સુરક્ષા માટે ફેસ માસ્ક પહેરવું ફરજિયાત બની ગયેલ છે. પરંતુ જો ડિઝાઈનર વસ્ત્રોને અનુરૂપ અવનવા માસ્ક ઉપલબ્ધ થાય તો માસ્ક પહેરવાથી પોતાની સુરક્ષા પણ જળવાય અને ફેશનના રંગમાં રંગાઈને પોતાનો આત્મવિશ્વાસ પણ વધારી શકાય. ફેશન ઈન્ડસ્ટ્રીઝ હવે માસ્કને ડિઝાઈનર વસ્ત્રો સાથે અવિભાજ્ય રીતે જોડવા જઈ રહી છે. ત્યારે આઈ.ટી.આઈ.ની તાલીમાર્થીનીઓ તેમજ અન્ય બહેનોની સર્જનાત્મકતાને બહાર લાવવા માટે આઈ.ટી.આઈ. ગાંધીનગર (મહિલા) દ્વારા ડિઝાઈનર માસ્ક મેકિગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૭૦ ફેસ માસ્ક સ્પર્ધા માટે મળેલ હતાં. સ્પર્ધકો દ્વારા ડિઝાઈનર વસ્ત્રોને અનુરૂપ તેમજ નવાં કોન્સેપ્ટવાળા અવનવા માસ્ક બનાવવામાં આવ્યા હતા.

આવેલ તમામ માસ્ક પૈકી ઉત્કૃષ્ઠ માસ્કને પસંદ કરી પ્રથમ ત્રણ બેસ્ટ માસ્કને ઈનામ અપાયા હતા. આ સ્પર્ધામાં કુ. અદિતી શશીકાંતભાઈ પટેલ - પ્રથમ વિજેતા, કુ. છાયાબેન હિરાલાલ ચાવડા - દ્વિતિય વિજેતા અને કુ. દર્શિતા નિતિનભાઈ ગેવરીયા - તૃતીય વિજેતા રહ્યા હતા.

વિજેતા થયેલ ઉમેદવારોને રોકડ ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તદુપરાંત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પણ ઓનલાઈન પાર્ટિસિપેશન સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



## ગુજકોસ્ટ દ્વારા મહાયુતિની ઘટના પ્રસંગે નિદર્શન અને લાઈવ ટોક યોજાયા

ગાંધીનગર, તા.૨૨

૨૧ ડિસેમ્બર, જે વર્ષની સૌથી લાંબી રાત માનવામાં આવે છે અને ખગોળશાસ્ત્ર મુજબ શિયાળુ ઋતુ ની શરૂઆત ગણાય છે. આ દિવસે ગુરુ , શનિ અને પૃથ્વી એક લીટી પર આવ્યા હતા અને એક અદભૂત ઘટના આકાશમાં જોવા મળી હતી. આ ઘટના એટલે ગ્રહોનું મહામિલન યોજાયું હતું.

આ અવકાશી ખગોળીય ઘટના વિશે જાગૃતિ લાવવા અને તેના વૈજ્ઞાનિક અભિગમ અને મહત્વને સમજવા માટે, ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) એ રાજ્યના તમામ જિલ્લાઓમાં તેના લોક વિજ્ઞાન કેન્દ્રના નેટવર્ક દ્વારા એક વિશેષ કાર્યક્રમ યોજ્યો હતો.

ગુજકોસ્ટ દ્વારા આ ઘટનાની સમજ, ગુરુ અને શનિ ગ્રહ વિશેની મૂળભૂત માહિતી અને તેમના દુર્લભ મહામિલન અંગે સોશિયલ મીડિયા અપડેટ્સ દ્વારા સચિત્ર પોસ્ટરો અને ઓડિયો વિઝ્યુઅલ માહિતી આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ, વિજ્ઞાન રસિકો તથા ખગોળપ્રેમી જનતાને વિગતવાર ચર્ચા કરવા અને માહિતી આપવા માટે રવિવાર, ૨૦ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ એક ખાસ લાઈવ-ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૂગલ મીટ પ્લેટફોર્મ ઉપરાંત આ ટોક યુટ્યુબ ચેનલ પર જોવા મળી હતી.

વિજ્ઞાન પ્રસારના ભૂતપૂર્વ નિયામક વિનય કાંબલેએ ગ્રહ સંમેલનના એતિહાસિક પાસાઓ પર વાત કરી હતી જ્યારે એસએસી-ઈસરોના ભૂતપૂર્વ વરિષ્ઠ વૈજ્ઞાનિક, ડો. સી. એમ. નાગરાણીએ નિરીક્ષણની પદ્ધતિ પર ચર્ચા કરી હતી. ડો. વિશાલ જોશી, પીઆરએલના એસ્ટ્રોનોમી અને એસ્ટ્રોફિઝિક્સ વિભાગ પર કાર્યરત સાયન્ટિસ્ટે ગ્રહોના જોડાણના વૈજ્ઞાનિક પાસાઓ પર વાત કરી હતી. આ ઉપરાંત, કોવિડ- ૧૯ સામાજિક અંતર અને પ્રોટોકોલને અનુસરીને ગુજકોસ્ટ દ્વારા સોમવારે સાંજે ગાંધીનગર ખાતે અને વિવિધ જિલ્લામાંની તમામ સીએસસીમાં મહાન જોડાણનું નિરીક્ષણ માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

## શહેરના ‘ચ’ માર્ગ પર વાહન ૬૦ કિમીથી વધુ ઝડપે દોડશે તો દંડ લાગશે

### સોશ્યલ મિડીયા પર વાઈરલ થયેલા મસેજથી ચર્ચાને વેગ મળ્યો : સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત પ્રાયોગિક ધોરણે ખાસ પ્રકારના કેમેરા લગાડાયા હોવાની વાત

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં સ્માર્ટ સિટી પ્રોજેકટ અંતર્ગત વિવિધ અત્યાધુનિક સુવિધાઓ વિકસાવવા તંત્રએ કમર કસી છે. જે અંતર્ગત અનેક પ્રકારના ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભા કરવામાં આવી રહ્યા છે. છેલ્લા બે દિવસથી શહેરમાં સોશ્યલ મિડીયા પર એક મેસેજ ખૂબ વાઈરલ થયો હતો. જેમાં શહેરના સૌથી વ્યસ્ત માર્ગ પૈકીના એક એવા ‘ચ’ માર્ગ પર વાહનોની ગતિ નિયંત્રણ માટે ખાસ પ્રકારના કેમેરા દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને પ્રતિ કલાક ૬૦ કિમીથી વધુની ઝડપે દોડતાં વાહનોને દંડવામાં આવશે જેથી સાવધ રહેવા ચેતવણી ઉચ્ચારવામાં આવી છે.

**એક તરફ રસ્તા પહોળા કરાય છે, બીજી તરફ વાહનોની ગતિ પર અંકુશ**

**સોશ્યલ મિડીયા પર વાહનોની ગતિ મર્યાદા અંગે વાઈરલ થયેલા મેસેજને પગલે ઘણા ગૃપમાં ચર્ચાઓ ચાલી હતી જેમાં કેટલાક નાગરિકોએ એવો મત વ્યકત કર્યો હતો કે એક તરફ તંત્ર શહેરમાં વિકાસને નામે રસ્તા પહોળા કરવાનું કામ કરી રહ્યું છે જેની મર્યાદિત ટ્રાફિક હોવાથી જરૂર નથી છતાં આ કામ હાથ ધરવામાં આવી રહ્યા છે જયારે બીજી તરફ વાહનોની ગતિ મર્યાદા પર અંકુશ લાદવામાં આવ્યો છે તે બંને વિરોધાભાસી બાબત છે.**

શહેરના ‘ચ’ માર્ગ પર ગતિ નિયંત્રણ પર દંડનીય કાર્યવાહી થઈ રહી હોવાના આ મેસેજમાં ફોર વ્હીલર્સ ચાલકોને ગતિ મર્યાદા કરતા વધુ ઝડપે વાહન હંકારવા બદલે રૂ. ૨ હજારનો દંડ થશે તેવી માહિતી મેસેજમાં આપવામાં આવી છે અને આ મેસેજ શહેરના સોશ્યલ મિડીયામાં ઝડપથી ખૂબ વાઈરલ થતાં વાહનચાલકોમાં કુતુહલ સાથે ચિંતા જોવા મળી હતી. આ મેસેજ અંગે મળતી માહિતી મુજબ જાણવા મળ્યું છે કે, શહેરમાં હાલ સ્માર્ટ સિટી પ્રોજેકટ અંતર્ગત લગભગ એકાદ સપ્તાહથી ‘ચ’ માર્ગ પર પ્રાયોગિક ધોરણે અત્યાધુનિક સ્પીડગન સાથેના કેમેરા લગાડવામાં આવ્યા છે જેના સેન્સરના આધારે જે વાહનો વધુ પડતી ગતિએ દોડતા હશે તેના પર દંડનીય કાર્યવાહી કરવામાં આવશે આ માહિતી અનુસાર ફોર વ્હીલર ચાલકોને ૬૦ કિમીથી વધુની ગતિ હોવા પર રૂ. ૨ હજાર, ટુ વ્હીલર કે થ્રી વ્હીલર ચાલકોને રૂ. ૧૫૦૦નો દંડ કરવામાં આવશે જયારે ફોર વ્હીલરથી મોટી કેટેગરીમાં આવતા વાહનોને રૂ. ૪ હજારનો દંડ થશે તેવું જાણવા મળ્યું છે. હાલ આ સીસ્ટમ પ્રાયોગિક ધોરણે માત્ર ‘ચ’ માર્ગ પર લગાડવામાં આવી છે અને તેનું ટેસ્ટીંગ બરાબર રહેશે તો શહેરના ‘ઘ’ માર્ગ સહિત અન્ય માર્ગો પર પણ લગાડાશે.

## મહાન ગણિતજ્ઞ રામાનુજનની જન્મજયંતિએ ‘રાષ્ટ્રીય ગણિત દિવસ’ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૨

ભારતના મહાન ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનનો જન્મ ૨૨ ડિસેમ્બર, ૧૮૮૭ ના રોજ થયો હતો અને તેથી તેમની જન્મજયંતિ રાષ્ટ્રીય ગણિત દિન તરીકે ઉજવવામાં આવે છે. તેમણે રીમેન શ્રેણી, લંબગોળ ઈન્ટિગ્રેલ્સ, હાયપરજેમેટ્રિક સિરીઝ, ઝેટા ફંક્શનના સમીકરણો અને ડાયવર્જન્ટ શ્રેણીનો સિદ્ધાંત જેવા અનેક ગાણિતિક સંશોધનો હાથ ધર્યા હતા.

બાળકોમાં ગણિત વિષય પ્રત્યેનો ભય દૂર કરવા માટે નવી પદ્ધતિઓ વિકસાવી વિદ્યાર્થીઓની રસ રુચિમાં વધારો કરી શકાય છે. રાષ્ટ્રીય ગણિત દિવસ એ વિદ્યાર્થીઓમાં ભારતીયો દ્વારા ગણિત ક્ષેત્રે પ્રદાન, મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસન રામાનુજની સિદ્ધિઓ ઉજાગર કરવાનો શ્રેષ્ઠ અવસર છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા વિજ્ઞાન પ્રસાર, દિલ્હી ના સંયુક્ત ઉપક્રમે ૨૧ અને ૨૨ ડિસેમ્બરના રોજ ઓનલાઈન વ્યાખાનનું આયોજન કરવામાં આવ્યું છે. ડો. રીંન્ટુ નાથ, વૈજ્ઞાનિક, વિજ્ઞાન પ્રસાર, દિલ્હી દ્વારા ‘રામાનુજન એન્ડ હિસ લેજેસી’ વિષય પર ૨૧ ડિસેમ્બરના રોજ ૩ વાગ્યે વેબિનાર યોજાયો હતો. આ ઉપરાંત ૨૨ ડિસેમ્બરના રોજ સ્પીકર ડો. ભાસ્કર કામ્બલે, આઈઆઈટી કાનપુરના ભૂતપૂર્વ વિદ્યાર્થી કે હાલ જેઓ જર્મનીમાં ડેટા સાયન્ટિસ્ટ તરીકે કાર્યરત છે. તેઓ હાલ ગણિત વિષય પર ‘હિન્દૂ મેથેમેટિક્સ’ નામનું પુસ્તક લખી રહ્યા છે. ડો. ભાસ્કર ભારતીય પ્રાચીન ગણિતશાસ્ત્રીઓ દ્વારા થયેલા વિવિધ સંશોધનો અંગે ચર્ચા કરી હતી.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. ચાવડા રણજીતસિંહ બાલુસિંહ, ઉ.વ. ૭૬, માણેકપુર, તા. માણસા
- સ્વ. વાઘેલા આશાબા રણજીતસિંહ, ઉ.વ. ૫૨, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. યાદવભાઈ ત્રંબકભાઈ મિસ્ત્રી, ઉ.વ. ૬૯, સે-૨૪-ઈન્દિરાનગર, ગાંધીનગર
- સ્વ. અરવિંદભાઈ પુંજાલાલ મોદી, ઉ.વ. ૭૭, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. પરમાર બળદેવભાઈ મગનભાઈ, ઉ.વ. ૩૩, સે-૧૩-છાપરાં, ગાંધીનગર
- સ્વ. હરજીભાઈ દેવજીભાઈ દેસાઈ, ઉ.વ. ૭૨, મહુન્દ્રા, તા. ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. જયંતીલાલ સોમનાથ દવે, ઉ.વ. ૮૯, સેકટર-૧, ગાંધીનગર